**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૭ ટકા

# ભગવાન ધન્વન્તરીની જન્મ જયંતિ એટલે ધનતેરસ

## ધનતેરસનો દિવસ તેનો પ્રાગટય દિવસ છે : ધનતેરસને વૈદ્યો 'ધન્વન્તરી જયંતી' તરીકે ઉજવે છે

ગાંધીનગર, તા.૨૧

વિશ્વમાં દરેકનાં આરોગ્યની સ્થાપના કરનાર અને રોગમુક્ત કરનાર જો કોઈ પ્રથમ મહાપુરુષનું અવતરણ થયું હોય તો તે ભારતનાં ''વૈદ્ય ધન્વન્તરિ' છે. તે ભગવાનનો અવતાર હોવાથી તેને ''ભગવાન ધન્વન્તરિ' તરીકે ઓળખાય છે. વિશ્વનું કોઈપણ તબિબી શાસ્ત્રનો વિદ્વાન, ડોક્ટર, વૈદ્ય કે હકિમ 'ધન્વન્તરિ'થી અજાણ્યો નહિ હોય. શલ્યતંત્ર સર્જરીની પહેલી વાત કરનાર ભગવાન ધન્વન્તરિ છે. પ્લાસ્ટિક સર્જરીની વાત પણ પહેલીવાર તેના ઉપદેશાત્મક સુશ્રુતસંહિતામાં દર્શાવી છે.

ધનતેરસનો દિવસ તેનો પ્રાગટય દિવસ છે. આથી ધનતેરસને વૈદ્યો 'ધન્વન્તરી જયંતી' તરીકે ઉજવે છે. તેની પૂજા કરે છે. 'ધનુ' શબ્દ એટલે શલ્યશાસ્ત્ર માટે વપરાય છે. તેમજ જગતનાં કલ્યાણનાં સાધન હોવાનાં કારણે ધર્મને 'ધનુ' કહે છે. આરોગ્યનું સ્થાપન કરનારા ધર્મના પારંગત હોવાથી તે આરોગ્યના દેવતાને ધન્વન્તરિ કહે છે. અને કાશીરાજ એટલે વારાણસી દેશનાં રાજા હતા એટલે 'કાશિરાજ-દિવોદાસ ધન્વન્તરિ પણ ઓળખાય છે.

લોકોની વૃદ્ધાવસ્થા, રોગો, અને મૃત્યુનો નાશ કરનાર હું 'ધન્વન્તરિ'



આયુર્વેદનાં અન્ય અંગોની સાથે શલ્યતંત્ર (સર્જરી)નો ઉપદેશ આપવા માટે આ પૃથ્વી ઉપર ફરીથી અવત્તીર્ણ થયો છું. પહેલાં દેવો અને દાનવોથી થયેલા સમુદ્રમંથન વખતે અમૃત કળશ લઈ સમુદ્રમાંથી પ્રગટ થયાં હતાં. આથી તેને આદિદેવ તથા અપૃતોદ્‌લવ શબ્દથી પણ વિદ્વાનો ગણે છે. તેના શિષ્યમાં ખાસ 'સુશ્રુત' હતાં તેથી તેનો આયુર્વેદ સંબંધ તમામ ઉપદેશનો ગ્રંથ 'સુશ્રુત સંહિતા'નામથી ઓળખાય છે.તેમણે વિશ્વને આરોગ્યનું જ્ઞાાન-પ્રચાર-અભ્યાસ ફેલાવ્યું. તેમનો અંતિમ સમય જૂનાગઢની બાજુનાં માળિયા હાટિના પાસે 'ધણેજ' નામનું ગામ છે. ત્યાં 'ધન્વન્તરી આશ્રમ છે ત્યાં જ તેની સમાધિ સ્થળ છે. પાસે જ મુક્તેશ્વર મહાદેવનું મંદિર છે નદીનાં તટ પર કશ્યપ ઘાટ છે ત્યાં આજે પણ ધન્વન્તરિ વટવૃક્ષ છે.

### પૂજન :

'ધનતેરસ'નાં દિવસે ઘરનાં ઉંબરે દિવો પ્રગટાવી ધન્વન્તરિ ભગવાનનો ફોટો મૂકી સાંજનાં સંધ્યા સમયે તેની પૂજા કરવી. અથવા 'શ્રી ધન્વન્તરૈઃ નમઃ અગીયાર વાર કે એકવીસ વાર મંત્ર જાપ કરવો જેથી ઘરમાં અકાળ મૃત્યુ, કે ભયંકર રોગો આવતા નથી. તેમજ જો શક્ય હોય તો ત્રણવાર આ શ્લોક બધાએ બોલવો જેથી ઘરમાં દરેકનું આરોગ્યનું રક્ષણ થાય છે. આ એક દૈવિક શક્તિ પ્રદાન કરે છે. દરેક ધર્મો, દરેક દેશો અને દરેક પ્રજાજનો માટે આરોગ્યનાં દેવતા માત્ર એક જ આ ધન્વન્તરિ છે. દરેકે તેનાં પૂજાનાં મંદિરમાં પણ ફોટો રાખવો જોઈએ.

## જન્મદિને વધામણી



આરતીબેન બાબુભાઈ નાયી



કરણ રામી
મો. ૯૨૬૫૧ ૦૨૮૪૪




સાહિલ ઝાલા
મો. ૭૫૬૭૦૫૬૩૮૨



હેતલબેન જી શર્મા
મો. ૯૦૩૩૬ ૧૨૦૩૬



વાઘેલા પ્રદિપસિંહ



ધીયશ ગૌરાંગ પારેખ

# કડી સર્વ વિશ્વવિદ્યાલય એનએસએસ વિભાગ દ્વારા આયોજિત સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા.૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના બીબીએ અને બીકોમ એનએસએસ યુનિટ દ્વારા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાનમાં ૪૦ વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે જોડાયા હતા. વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવા તેમજ માર્ગદર્શન પૂરું પાડવા નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર અશોકભાઈ ચાવડા અને સેનેટરી સબ ઈન્સ્પેકટર હેતલબેન હનસોરા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા વિદ્યાર્થીઓમાં તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા અને ''સ્વચ્છ ભારત શ્રેષ્ઠ ભારત'' બનાવવા વિદ્યાર્થીઓએ સેકટર ૨૪ની શાકમાર્કિટની આજુબાજુમાંથી કચરો ભેગો કર્યો



હતો. આજુબાજુ પ્લાસ્ટીકનો કચરો તેમજ અન્ય સૂકો અને ભીનો કચરો ભેગો કરી નગરપાલિકાની કચરાપેટીમાં નાખ્યો હતો અને સફાઈ કર્મચારીઓએ પણ વિદ્યાર્થીઓના આ અનુકરણીય કાર્યને બિરદાવયુ હતું. સમાજનાં લોકોને શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તાર જેમા સ્લમ એરિયા, ઔધોગીક વિસ્તાર, ચાલી, પોળ, ગામની શેરીઓ ઉકરડા સ્થાન જેવા વિસ્તારોમાં લોકોને જાહેર સ્થળો પર તેમજ ઘરમાં પણ સફાઈની જાળવણી રાખવા જાગૃત કરીશુ. સમગ્ર આયોજનને યુનિવર્સિટી કો-ઓર્ડિનેટર ડો.રણછોડભાઈ રથવી, પ્રો.અંજલિ પટેલ અને ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો.



લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા દિવાળી નિમિત્તે સ્વેતના પ્રોગ્રામ અંતર્ગત સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે PLHIV સગર્ભા બેહનો અને ધાત્રી બહેનોને મીઠાઈ, નવાં કપડાં, નમકીન અને બાળકો માટે કપડાં , ગોદડી રોજિંદા જીવન જરૂરિયાત વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું. શ્રીમતી હર્ષાબા ધાંધલ આ સેવા માં સહયોગી બન્યા હતા. પ્રમુખ ડિમ્પલ દેસાઈએ સહુ બહેનો તેમજ પરિવારને દિવાળી નિમિત્તે તેઓના સરસ સ્વાસ્થ્ય માટે શુભેચ્છા આપવામાં આવી. સેક્રેટરી જાગૃતિ વ્યાસ, ઉપપ્રમુખ ચંદાબેન, dist.officer મમતાબેન તથા મીનાક્ષીબેન કાનનબેન ચંદ્રિકાબેન હાજર રહ્યા હતા. આ કાર્યમાં ઉપસ્થિત અધિકારી તેમજ રાજુભાઈનો સપોર્ટ સાંપડ્યો હતો.

# ઈન્ટર સ્કૂલ સ્પીડ સ્કેટિંગ સ્પર્ધામાં યુનિવર્સલ સ્કેટિંગ એસો.નાં સ્કેટર્સ ઝળક્યા



ગાંધીનગર, તા.૨૧

તાજેતરમાં અમદાવાદ બોપલ ખાતે ઈન્ટર સ્કૂલ સ્પીડ સ્કેટિંગ સ્પર્ધાનું આયોજન લાયન્સ સ્પોર્ટ્સ એકેડેમી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર યુનિવર્સલ સ્કેટિંગ એસોસિએશનનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિદ્યાર્થીઓમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. તેમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને મેડલ્સ, સર્ટિફિકેટ અને મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં તથા કોચ જતીન દવે દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી અને ટીમનું સંપૂર્ણ સંકલન ટીમ મેનેજર મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કરવામાં આવ્યું હતું સાથે વિજેતા સ્કેટર્સને કોચ જતીન દવેએ અભિનંદન પાઠવ્યા હતા.

## સ્ટેટ લેવલની એથ્લેટિકસ સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓએ ત્રીસ મેડલ મેળવ્યા

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પીયનશીપ સુરત ખાતે તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લા તરફથી ૨૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તે પૈકી ૧૬ ખેલાડીઓ ૧૩ ગોલ્ડ મેડલ, દસ સિલ્વર મેડલ તેમજ સાત બ્રોન્ઝ મેડલ મળી કુલ ૩૦ મેડલ મેળવી ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. જેમાં જાસ્મીનબેન એસ.પટેલ, હિરલબેન અંબાલાલ પટેલ, કાજલ ચેતન ત્રિવેદી, કિરણબેન બી.તરાલ, શાન્તાબેન એલ.બુબડીયા, ગીતાંજલી સોનેરાવ તેમજ પુરુષ વિભાગમાં નિતીન અમૃતલાલ જાદવ, અમીન પીરૂભાઈ રાનીકા, લક્ષ્મણભાઈ વી.ભગોરા, ગીરીશ ખોડીદાન ગઢવી, ભગવાન કે.તરાલ, મહેશભાઈ બી.કટારા, કાન્તિભાઈ કે.પટેલ, ડો.રાજેનકુમાર સી.સોનેરાવ, રમણલાલ વી.પટેલ, ખીમજીભાઈ રેવરનો સમાવેશ થાય છે.

## જીઆઈપીએસમાં રંગોળી અને દિવાળી કાર્ડ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલ દ્વારા તા.૨૧ના રોજ દિવાળીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો.૧થી ૧૨ના વિદ્યાર્થીઓએ રંગોલી અને દિવાળી કાર્ડ દ્વારા ઉત્સાહપુર્વક ઉજવણી કરી હતી.

## હોટલ લીલા ખાતે Thunder EVનો લોગો લોન્ચ કરાયો



Thunder EV પ્રાઈવેટ સેલ ઈવેન્ટ રજૂ કરી હતી. ગત જે તા. ૧૫મી ઓક્ટોબર ધ લીલા હોટેલ, ગાંધીનગર ખાતે યોજાઈ હતી અને તેમાં સુનીલ શેટ્ટી ગેસ્ટ ઓફ ઓનર તરીકે હાજર રહ્યા હતા.

Thunder EV એ ભારતમાં માત્ર વ્હાઈટલિસ્ટેડ સભ્યો માટે જ ક્રિપ્ટો કોઈન THVEમાં રોકાણ કરવા માટે Thunder Coin (THVE)ની પ્રાઈવેટ સેલ ઈવેન્ટ પ્રથમ વખત યોજાયો હતો. પ્રાઈવેટ સેલ ઈવેન્ટમાં સૌ પ્રથમ વખત Thunder Coin (THVE) ને જાહેર જનતા માટે લોન્ચ કરવામાં આવ્યો હતો અને વ્હાઈટલિસ્ટેડ સભ્યો જેઓને ઈવેન્ટમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા તેઓ Thunder Coin (THVE) માં રોકાણ કરી શકશે. આ ઈવેન્ટમાં ગેસ્ટ ઓફ ઓનર એટલે કે સુનીલ શેટ્ટી દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું જેઓ પ્રખ્યાત બોલીવુડ અભિનેતા અને સક્રિય સ્ટાર્ટઅપ ઉત્સાહી છે. જેમ જેમ પ્રસંગ આગળ વધ્યો તેમ મૌલિક પટેલ કે જેઓ Thunder Australia Pvt Ltd સ્થાપક છે તેમને Thunder Coin (THVE) વિશે માહિતી તથા Thunder EV ની ભાવિ યોજના અને દરેકને બ્લોકચેન અને ક્રિપ્ટો કરન્સીની ટેકનોલોજીનું માર્ગદર્શન કરાવ્યું હતું. ત્યારબાદ સુનિલ શેટ્ટી, મૌલિક અને રાજેશકુમાર પટેલ દ્વારા Thunder EV જે ઈલેક્ટ્રિક વેહિકલ છે તેના લોગોનું લોન્ચ કરવામાં આવ્યુ હતું. એના પછી મૌલિક પટેલ, બ્રિજેશ પટેલ અને રાજેશકુમાર દ્વારા Thunder Coin ના લોગો લોન્ચ કર્યો.. તેના પછી મૌલિક પટેલ દ્વારા આભારવિધિ યોજાઈ હતી.

# જે.બી.પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ




ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધો.૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે બે દિવસનો પ્રવાસ યોજાયો હતો. જેમાં શાળાના કુલ ૧૫૬ બાળકોએ ભાગ લીધો હતો. પ્રવાસ દરમિયાન ઉંઝા ઉમિયા મંદિર, પાટણ સહસ્ત્રલીંગ તળાવ, રાણીકી વાવ, ઐઠોર ગણપતિ મંદિર, મોઢેરા વર્લ્ડ હેરિટેજ, બહુચરાજી માતાજી મંદિર અને સુર્યમંદિર લેસર શોનો નજારો માણ્યો હતો. બીજા દિવસે નડાબેટ નડેશ્વરી માતાજી મંદિર, ભારત પાકિસ્તાન બોર્ડર ઝીરો પોઈન્ટ, મ્યુઝિયમ સૌર ગાથા, વિજય ગાથા, હાર્ટ ગેલેરી, લશ્કરી પરેડનું નિદર્શન કર્યું હતું. બે દિવસ પ્રવાસ દરમિયાન બાળકોએ ભણતરનો ભાર ભુલી મુક્તમને મજા માણી હતી. આમ સમગ્ર પ્રવાસ શૈક્ષણિક તથા ધાર્મિક માહિતીથી સભર અને આનંદમય રહયો હતો.

## હ્યુમિનીટી ગ્રુપ ઓફ ફ્રેન્ડ્સ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર, તા.૨૧

હ્યુમિનીટી ગ્રુપ ઓફ ફ્રેન્ડ્સ દ્વારા ૨૦ ઓકટોબર, ૨૦૨૨ ગુરુવારનાં રોજ દિવાળી ઉત્સવ નિમિત્તે ગાંધીનગરનાં જરૂરિયાતમંદ વિસ્તારમાં રહેતા લોકોને મીઠાઈ અને બિસ્કીટની ૮૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રુપનાં સ્થાપક સભ્યો અને સ્વયંસેવકો હાજર રહ્યાં હતાં. સમાજકાર્યનાં અભ્યાસની સાથે સાથે સેવાકીય પ્રવૃત્તિ કરતાં આ વિદ્યાર્થીઓને તેમનાં મિત્રો અને સગાં સબંધીઓ પાસેથી આર્થિક સહાય મેળવીને જરૂરિયાતમંદ વિસ્તારમાં રહેતાં સફાઈ કામદાર, પ્લાસ્ટિક વીણતાં અને ઘર વિહોણા લોકોને આ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગ્રુપનાં સભ્યો દ્વારા અનોખું કાર્ય હાથ ધરી ને સફળતા પૂર્વક પૂરું કર્યું હતું.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.ધોરજીયા શારદાબેન કનુભાઈ** ઉ.વ.૮૬, સેકટર-૨
- **સ્વ.રબારી ભાનુબેન નાથુભાઈ** ઉ.વ.૭૫, સેકટર-૨૬
- **સ્વ.ઠાકોર સુમિત્રાબેન રમેશજી** ઉ.વ.૪૬, ધણપ
- **સ્વ.સોલંકી જશવંતભાઈ શકરાભાઈ** ઉ.વ.૫૭, આલમપુર

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.કુમાર નીતિન રંજન (બિરેન્દ્રપ્રસાદ ચૌધરી)** ઉ.વ.૪૯, રાયસણ